# ૧. ઉદારતા(!)

જો તમે તમારી આજુબાજુના લોકોની વિચારસરણી પર શાંતિથી વિચારશો તો તમને એક જ માળખામાં ગોઠવી શકાય એવા ઘણા માણસો એમાંથી મળી આવશે. હું અહીં એક એવા માળખાના લોકોની વાત કરવા માગું છું કે જેમની પાસે ભગવાનની દયાથી ઘણો પૈસો એકઠો થઈ ગયો છે ને એ પૈસાની સાથે કેટલાંક અહં નામનાં વાયરસ પણ આ માણસોમાં ઘર કરી ગયાં છે.

આવા માણસો પોતાને પોતાનાં સગાંસંબંધીઓ કરતાં વધારે ઊંચા અને વધારે આબરૂદાર સમજતા હોય છે. વળી પોતે જે કમાયા છે એ ફક્ત પોતાની આવડતને જોરે જ કમાયા છે અને પોતાનાં સગાં કે મિત્રો તેમની અણઆવડતને કારણે જ નિર્ધન રહ્યાં છે, એવી વાતો કાયમ કરતા હોય છે. આવા માણસો શોધવા જવાની જરૂર નહીં પડે. આવા માણસો પોતાની જાતે જ પોતાની ઓળખ આપી દેતા હોય છે.

એટલું જ પૂરતું ન હોય તેમ તેઓ પોતાની આત્મપ્રશંસા કરવાની કોઈ તક જતી કરતા નથી અને સગાંસ્નેહીઓને સલાહ આપવાની અને તેમને ઉતારી પાડવાની ચેષ્ટા વારંવાર કરતા હોય છે. એમના દોસ્તો ઓછા થઈ જાય ત્યારે પોતાનો દોષ જોવાને બદલે તેઓ કહેતા હોય છે કે પોતાની પાસે પૈસા આવ્યા છે એટલે બધા તેમની અદેખાઈ કરે છે અને એટલે આઘા ભાગે છે. એમની આત્મશ્લાઘા સાંભળીને કે તેમનાં દંભ કે તોછડાઈને કારણે કે તેમની વાતોમાં વ્યર્થ 'હાજી, હા' કરવાથી થાકીને લોકો તેમની ઉપેક્ષા કરતા હોય છે એ સમજવાની શક્તિ એ ખોઈ બેઠા હોય છે.

એવા અનેક લોકો તમને જોવા મળશે કે જેઓ પૈસાની બાબતમાં વાત નીકળતાં જ કહી દેતા હોય છે : 'સગાં કાયમ પૈસાની માગણી જ કરતાં હોય છે. પણ હું પૈસાની બાબતમાં બહુ ચોક્કસ છું. કોઈ સગાની સાથે કે દોસ્તની સાથે પૈસાનો વહેવાર કરવો એટલે સંબંધ બગાડવાની જ વાત. આપીએ ત્યારે સારા લાગીએ અને જ્યારે પાછા માગીએ ત્યારે ભૂંડા પડીએ.'

પૈસા આપવા કે ન આપવા એ એમની અંગત માન્યતા જરૂર હોઈ શકે પણ વગર કારણે આવી રજૂઆત કરીને એ લોકો પોતાનું પોત હલકું કરતા હોય છે. હવે આવા માણસોને કોણ કહે કે પૈસા પાછા મગતાં ક્યારેક જ સંબંધ બગડત, કદાચ ન જ બગડત પણ આવી વાત કરીને તો એ અત્યારથી જ સંબંધ બગાડી રહ્યા છે.

આવા માણસો ક્યારેક કોઈ સગાને કે દોસ્તને પૈસા અપ્યા હોય તો પાંચ માણસોની વચમાં પેલાને એવા પ્રશ્નો પૂછીને નીચો દેખાડવા પ્રયત્ન કરતા હોય છે કે પેલાને એમ લાગે કે એના કરતા પૈસા ન લીધા હોત તો વધારે સારું થાત. તો વળી ક્યારેક કહેતા સંભળાય છે : 'અમે તો અહીં હાથેપગે આવેલા. તમારે તો સારું છે કે અમારા જેવા મદદ કરવાવાળા છે. હવે ધ્યાન રાખીને કામ કરશો તો વધારે તો નહીં પણ રોટલા ભેગા તો થશો. બાકી આમ પાર્ટીઓમાં ફર્યા કરશો તો ક્યારેય ઊંચા નહીં આવો. આવી પાર્ટીઓ તો અમારા જેવા સુખી અને કમાઈને બેઠેલા માણસો માટે સારી. આ તો અમને તમારું લાગે છે એટલે મદદ કરીએ છીએ ને બે શબ્દ શિખામણના કહીએ છીએ, બાકી આ જમાનામાં કોઈ કોઈનું સગું થતું નથી.'

એક એવા માણસની વાત મને યાદ આવે છે કે જેમણે એમના એક સગાને, કોઈના લગ્ન પ્રસંગે જ્યારે બેયના ઘણા સંબંધીઓ હાજર હતા ત્યારે કહેલું : 'તમે તો ભાઈ, કહેવા પડે. જ્યારથી પૈસા લઈ ગયા ત્યારથી મોઢું જ નથી બતાવતા. આ પહેલી તારીખે પૈસા પાછા આપવાનો વાયદો કરેલો છે એ તો યાદ છે ને?' જો કે એમની એ વાત સાચી ન હતી પણ ઘણા માણસો સામે ભેગા થયેલા જોઈને એમને પેલા માણસને પોતે પૈસાની મદદ કરી છે એ બતાવવાની ચાનક ચઢી હશે.

એમણે જ્યારે પૈસા આપેલા ત્યારે પેલા માણસને બેચાર દોસ્તોની વચમાં કદાચ વટ પાડવા કહેલું: 'જો મને પૈસા પાછા આપવાની ચિંતામાં ધંધો ન બગાડતા. મારે પૈસાની તાત્કાલિક જરૂર નથી. પહેલાં તમે તરતા તઈ જાવ પછી કટકે કટકે પૈસા પાછા આપજો ને.'

હવે આજે એનાથી તદ્દન વિપતિ વાત સાંભળ્યા છતાં પેલો લાચાર માણસ આજે સામી દલીલ કરવાને બદલે પેલાને ફુલાવતાં કહે : 'તમારી દયાથી ધંધો ગોઠવાઈ ગયો છે. આ મહિને તો નહીં પણ આવતે મહિને તમારા પૈસા પરત કરવાની ગણતરી રાખેલી જ છે. તમારે ભલા માણસ પૈસાનો ક્યાં તોટો છે? ચિંતા ના કરશો તમને પૈસા આવતે મહિને જરૂર પાછા આપી દઈશ.'

'આવા વાયદા મને પસંદ નથી. વળી પૈસાની તો બીરલા ને ટાટાનેય જરૂર પડે છે. ને તમને કેમ ખબર પડી કે મારે પૈસાનો તોટો નથી. અમારેય તમારા જેવા હજારનાં કામ કાઢવાનાં હોય છે. તમે આમ આડી વાત કરો તો બીજાને આપતાંય અમારે વિચાર કરવો પડે. તમને એમ લાગે છે કે અમારે ત્યાં પૈસાનાં ઝાડ ઊગતાં હશે પણ અમારેય પરસેવો પાડવો પડે છે ત્યારે પૈસા કમાવાય છે ને બહાર નીકળીએ ત્યારે તમારા જેવા લોકો પૈસા માગવા બારણે જ જાણે ઊભા હોય છે. તમે નહીં માનો પણ મારા નહીં નહીં તોય બેથી ત્રણ લાખ રૂપિયા આમ બહાર ફરતા હોય છે. કેટલાને મદદ કરીએ?' પણ એ વાઘને કહે કોણ કે તારું મો ગંધાય છે.

ગમે તેમ કરીને પેલા માણસે તેમનાથી પીછો છોડાવ્યો તો ખરો પણ બધાની વચમાં પોતાને ખોટી રીતે નીચું ઘાલવું પડ્યું એનો અફસોસ એના મોં પર જણાયા સિવાય ન રહ્યો. એ કદાચ ધંધો વેચી દઈનેય પેલાના પૈસા પાછા આપી દેવાનું વિચારતો હોય તોય નવાઈ નહીં.

જો કે પેલા ઉદાર(!) માણસને આની કશી અસર થઈ હોય એમ લાગતું ન હતું. એમની જીભ તો ચાલુ જ હતી : 'જોયું ને! પૈસાની વાત આવી કે કેવો સરકી ગયો! હવે પૈસા કેવા પાછા આપશે એ તો એના ભગવાનનેય ખબર નહીં હોય. એવાને તો આગળ બેઠે ઉલાળ નહીં ને પાછળ બેઠે ઢરાળ નહીં, પણ આપણે તો પીળે પાનિયે જ લખી નાખવાના ને!'

આવું કરવાથી ત્યાં ઊભેલાં માણસોમાં પોતાનો વટ પડી ગયાના ખ્યાલમાં રાચતા પેલા માણસની કિંમત સાંભળનારાએ તો પોતાનાં મનમાં કરી જ નાંખી હતી. એમાંના એક માણસે કહ્યું : 'ચાલો એનો ઉપાય કાઢીએ. તમે એને કેટલા રૂપિયા આપ્યા છે? હું તમને એ આપી દઉં, પછી તમારે પીળે પાનિયે લખવાની જરૂર નહીં પડે. હું એનો દેવાદાર છું. મારું મકાન બનતું હતું ત્યારે એક બારી મૂકવા દેવાની વાતમાં ફળિયાવાળા બધા આડા પડેલા ત્યારે એ જ મારી મદદે આવેલો.'

'એમ તો એણે મારાય ફેરા ઓછા નથી ખાધા પણ પૈસાની બાબતમાં તો એવું છે મને તો ચોખ્ખો જ વહેવાર ગમે છે.'

'એમ તો મનેય ચોખ્ખો જ વહેવાર ગમે છે પણ એણે આપણા જે ફેરા ખાધા છે એ વહેવાર ચોખ્ખો કરવા આપણે એનું કયું કામ કરી આપવાના છીએ? તમે તો એને પૈસા આપ્યા છે એટલે આમ પાંચ માણસની વચ્ચે પાછા માગો છો પણ એણે તમારાં કામ કરી આપેલાં એને તો વરસો થયાં હજુ એણે તમારી પાસે આમ ઊઘરાણી કરી છે ખરી? એટલે તમને હું પૈસા આપી દઉં એટલે એને તમારી પાસે આમ ઉઘરાણી કરવાની સમજણ પડે.'

ખબર નથી કે પછી શું થયું પણ તમે એમ માનતા હો કે પેલો ધનિક(!) માણસ સુધરી ગયો હશે તો એમાં તમારી ભૂલ થાય છે.

તમે તમારી આસપાસ નજર કરશો તો તમને તમારા ગામમાંય આવા માણસો જોવા મળશે.

લેખકના પરિચય માટે અહીં કલીક કરો.

આવા ઉપયોગી અન્ય લેખો વાંચવા કે તમારી વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવા માટે અહીં કલીક કરો.

નિયમો માટે અહીં કલીક કરો.